#010

✍ રોજનું નાનું કામ, ➡લાંબી દોડ જીતાડે

દરેક દિવસ આપણને એક જ પ્રશ્ન પૂછે છે – આજે શું કર્યું?

મોટું સપનું એક જ દિવસે પૂરું થતું નથી, પણ રોજનું નાનું કામ એને જીવંત રાખે છે.

દરરોજ થોડી મહેનત,
થોડી શિસ્ત અને
થોડી ઈમાનદારીથી કરેલું કામ –
એ જ લાંબી દોડની તૈયારી છે.

એક પાનું વાંચવું,
એક પગલું આગળ વધવું,
એક ભૂલમાંથી શીખવું –

આ બધું નાનું લાગે છે, પણ સતત ચાલે તો પરિણામ મોટું આપે છે.

જે લોકો એક જ દિવસે જીતવા માંગે છે, તેઓ થાકી જાય છે.
પણ જે લોકો રોજ થોડું-થોડું આગળ વધે છે, તેઓ અંતે જીતે છે.

કાલની ચિંતા છોડી, આજે માત્ર આજનું કામ સાચી અને સારી રીતે કરીએ.

મિત્રો યાદ રહે –
રોજનું નાનું કામ જ આપણને લાંબી દોડ જીતાડે છે.